# અંબાજી મંદિરના ચાચરચોકમાં શરદ પુનમ નિમિતે ગરબા યોજાયા

## દૂધ પૌવાનો પ્રસાદ આપવામાં આવ્યો

અંબાજી, તા.૨૪

શક્તિ, ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે શક્તિપીઠ અંબાજી ગુજરાત અને રાજસ્થાન બોર્ડર પર આવેલું મા-અંબાનું આદ્યસ્થાનક છે, અંબાજી મંદિર પર ૩૫૮ સુવર્ણ કળશ લાગેલા હોઈ આ મંદિર ૫૧ શક્તિપીઠ મા અનેરું મહત્વ ધરાવે છે, અંબાજી મંદિરમાં આજે શરદ પુનમ હોઈ માતાજીના ચાચરચોક ચોકમા ગરબા અને રાસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને ત્યારબાદ રાતે ૧૨ વાગે કપુર આરતી કરી માતાજીને દૂધ પૌવા ધરાવવામાં આવ્યા હતા. અને બાદમાં ભક્તોને શરદ પુનમનો પ્રસાદ આપવામાં આવ્યો હતો, જેમાં મોટી સંખ્યા માં ભક્તો ઉમટ્યા હતા.

આજે અંબાજી મંદિરના પ્રાંગણ માં ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને મંદિરના ચોકમાં રાતે ૯ વાગ્યાથી ગરબા અને રાસનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગરબાના શોખીન ભક્તોએ ઢોલના તાલે ગરબા ઘૂમ્યા હતા અને ત્યારબાદ રાસ પણ રમ્યા હતા અને અંબાજી મંદિરને સુંદર રોશનીથી શણગારવામાં આવ્યું હતું. ત્યારબાદ રાતે ૧૨ વાગે માતાજીના મંદિરમાં કપૂર આરતી કરવામાં આવી હતી. જેમાં ભક્તો મોટી સંખ્યામાં ભક્તો માતાજીના દર્શન કરવા આવ્યા હતા અને ત્યારબાદ માતાજીની ગાદી આગળ ભક્તોને દુધ પૌવાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે અંબાજી મંદિરના ભટ્ટજી મહારાજ, અંબાજી મંદિરના ચેરમેન અને ટેમ્પલ ઈન્સ્પેક્ટર સતીષ ગઢવી હાજર રહ્યા હતા.

અંબાજીમાં આવેલા પ્રાચીન હર્ણેશ્વર મહાદેવ ચખોડી વડલીમાં પણ ૨૦૧ કિલો દૂધનો પ્રસાદ ભક્તો માટે આપવામાં આવ્યો હતો , અહીં રાતે ૮ વાગે નવચંડી હવન શરુ કરાયા બાદ રાતે ૧૨ થી સવારના ૪ વાગ્યા સુધી ભક્તોને દૂધ પૌવાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો, મંદિરના મહંત જાલોરગીરી બાપુએ ભક્તોને મહા પ્રસાદ આપ્યો હતો.

## પ્રાંતિજના ઘડકણ પાસે ઘાસ ભરેલ ઊંટલારીમાં આગ લાગતા નાસભાગ

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ઘડકણ પાસે પશુ ઘાસ ભરેલ ઊંટલારીમાં આગ લાગતાં નાસભાગ મચી જવા પામી હતી. લારીમાં ભરેલ બધું ઘાસ બળી ગયું હતું.

પ્રાંતિજના ઘડકણ તાજપુર માર્ગ ઉપર બપોરના સમયે ડાંગરના પુળીયા પશુ ઘાસ ભરીને જતી ઊંટલારીમાં વિજવાયરોમાંથી તણખલા ગળતા ડાંગરના પુળીયાભરીને જતી ઊંટલારી ઉપર ગળતા જોત જોતામાં આગ પકડાઈ જતાં ઊંટલારી માલિકને ખબર પડતાં બુમાબુમ કરી હતી. આજુબાજુના ખેતરોમાં રહેતાં લોકો દોડી આવ્યા હતાં અને પાણી છાંટી હોલવવાનો પ્રયત્ન કર્યો હતો પણ આગે ઉગ્રસ્વરૂપ ધારણ કરતાં ઊંટલારીમાં રહેલ બધું ઘાસ બળીને ખાખ થઈ ગયું હતું અને ઊંટલારી માલિક તથા દોડી આવેલ લોકો દ્વારા ઊંટલારીને રસ્તામાં જ તાત્કાલિક ઠાલવી દેવામાં આવી હતી. ઊંટ તથા ઊંટલારી માલિકનો બચાવ થયો હતો.

# અરવલ્લી જીલ્લાની ૨૨ ગ્રામ પંચાયત ચૂંટણીના પરિણામ જાહેર

## ખોડંબા ગ્રામપંચાયતમાં અનામત હોવાથી વરરાજા વગરની જાનની જેમ વોર્ડના સભ્યો ચૂંટાયા : કહી ખુશી કહી ગમ

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ૨૨ ગ્રામપંચાયતની સરપંચ અને વોર્ડના સભ્યપદ માટેની ચૂંટણીમાં ભારે રસાકસીભર્યો માહોલ જોવા મળ્યો હતો. ગામના મુખી થવા માટે અને વોર્ડના સભ્યમાં વિજય પ્રાપ્ત કરવા ઉમેદવારોએ મતદારોને રીઝવવા એડીચોટીનું જોર લગાવ્યું હતું. બુધવારે ૨૨ ગ્રામપંચાયતની ચૂંટણીના પરિણામ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે તાલુકા મથકે જાહેર થતા વિજેતા સરપંચ અને વોર્ડના સભ્યો અને ટેકેદારો દ્વારા વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું. હારેલા ઉમેદવારો અને વોર્ડના સભ્યો તેમના ટેકેદારો સાથે નિરાશ વદને ગામમાં પરત ફરતા કહી ખુશી કહી ગમ જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાની રામગઢી ગ્રામપંચાયતની ચૂંટણીમાં ભૂતિયા ગામે મતદાન સમય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મતદાનની માંગ કરી મામલતદાર અને પોલીસતંત્ર સહીત ચૂંટણીમાં ફરજ બજાવતા કર્મચારીઓની ગાડીઓ પર હલ્લાબોલ કરી ભયનું વાતવરણ પેદા કરનાર અસામાજિક તત્વો અને ટોળા સામે ફરિયાદ નોંધી ધરપકડ કરી ધરપકડના યથાવત દોર વચ્ચે સોમવારે રામગઢી ગ્રામપંચાયતની મતગણતરી સમયે પોલીસતંત્ર દ્વારા ચુસ્ત પોલીસબંદોબસ્ત ગોઠવી દીધો હતો. મતગણતરી સમયે સરપંચ પદનો એક પણ ઉમેદવાર ગણતરીના સ્થળે ઉપસ્થિત ન હોતા. તેમના એજન્ટ જ હાજર રહ્યા હતા રામગઢી ગ્રામપંચાયતમાં સરપંચ તરીકે મીનાબેન મુકેશ ભાઈ પ્રજાપતિ વિજય બન્યા હતા રામગઢી ગામે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસબંદોબસ્ત ગોઠવી દીધો હતો.

ભિલોડાના ખોડંબા ગ્રામપંચાયતમાં સરપંચ પદ માટે અનુ.જનજાતિ બેઠક જાહેર થતા ગામમાં એકપણ અનુ.જનજાતિ સમાજનું ઘર ન હોવાથી ફક્ત વોર્ડના સભ્યોની ચૂંટણી યોજાઈ હતી. જેમાં વોર્ડના સભ્યો વિજયી બનતા વરરાજા વગરની જાન જેવો માહોલ જોવા મળ્યો હતો. વોર્ડના સભ્યમાં પણ સરપંચ પદ જેટલીજ રસાકસી જોવા મળી હતી જીતેલા ઉમેદવારો અને ટેકેદારો ઝૂમી ઉઠ્યા હતા.

# હિંમતનગરના રિવરફ્રન્ટ પાસેથી બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ રિવરફ્રન્ટ નજીક પાર્ક કરાયેલ રૂ. ૨૫ હજારની કિંમતના બાઈકની ૧૦ દિવસ અગાઉ અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયાની ફરીયાદ મંગળવારે હિંમતનગર એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે રોહિતકુમાર કોદરલાલ પંડ્યાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૬ ઓક્ટોબરના રોજ તેમણે પોતાનું બાઈક નં. જીજે.૯.સીઈ.૨૨૮૦ને રીવરફ્રન્ટની પાળ નજીક પાર્ક કર્યુ હતુ જ્યાંથી અજાણ્યો શખ્સ રૂ. ૨૫ હજારની કિંમતના બાઈકની ચોરી કરી લઈ ગયો હતો જે અંગે તપાસ કરવા છતાં બાઈકનો કોઈ પત્તો ન મળતા આખરે તેમણે મંગળવારે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# ધનસુરા તાલુકાની ૩ ગ્રામ પંચાયતોના પરિણામો જાહેર

ધનસુરા, તા. ૨૪

ધનસુરા તાલુકાની ૩ ગ્રામ પંચાયતોની ચૂંટણી પરિણામ જાહેર કરાયા હતા. ધનસુરા તાલુકાની શિણોલ, નવી શિણોલ અને નારણપુરા કંપા ગ્રામ પંચાયતના પરિણામો જાહેર કરાયા હતા. પરિણામો જાહેર થતા વિજેતા ઉમેદવારોએ અબીલ ગુલાલ ઉડાડી વિજય મનાવ્યો હતો. સાથે ડીજે અને ફટાકડા ફોડી વિજેતા ઉમેદવારોએ વિજય મનાવ્યો હતો.

ધનસુરા તાલુકા પંચાયત કચેરી ખાતે ચૂંટણી પરિણામો જાહેર કરાયા હતા. ધનસુરા મદદનીશ તાલુકા વિકાસ અધિકારી યોગેશભાઈ પંડ્યા તથા ઉર્વીશભાઈ મહેરીયા સહિતના અધિકારીઓની દેખરેખ હેઠળ પરિણામો જાહેર કરાયા હતા. આ ગ્રામ પંચાયતોની ચૂંટણી ૨૨-૧૦-૨૦૧૮ના રોજ યોજાઈ હતી. જેના પરિણામો જાહેર કરાયા હતા. ધનસુરા પી.એસ.આઈ. કેતનભાઈ વ્યાસ સહિત પોલીસ સ્ટાફનો ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

### વિજેતા ઉમેદવારોના નામ

શિણોલ ગ્રામ પંચાયત - મુકુંદરાય મૂલજીભાઈ ગોર
નવી શિણોલ ગ્રામ પંચાયત - નરેન્દ્રકુમાર ભીખાભાઈ પટેલ
નારણપુરા કંપા ગ્રામ પંચાયત - ભગવાનભાઈ નાથાભાઈ ભરવાડ

# સાબરકાંઠાની નવ ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણીનું પરીણામ જાહેર

## તલોદની બોરીયા-જગાપુર પંચાયતમાં ટાઈ પડી : ચિઠ્ઠી ઉછાળી વિજેતા જાહેર કરાયા

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાની નવ ગ્રામ પંચાયતોની યોજાયેલી ચૂંટણી બાદ મંગળવારે તેની મતગણતરી તાલુકા મથકે કરાયા બાદ વિજેતા ઉમેદવારોને જાહેર કરાયા હતા. જો કે તલોદ તાલુકાની બોરીયા-જગાપુર ગ્રામ પંચાયતમાં સરપંચ પદના બે ઉમેદવારોને સરખા મત મળતા ટાઈ પડી હતી. ત્યારબાદ ચિઠ્ઠી ઉછાડીને વિજેતા ઉમેદવારને જાહેર કરાયા હતા.

આ અંગે જિલ્લા ચૂંટણી શાખાના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ઈડર તાલુકાની ત્રણ, તલોદ તાલુકાની પાંચ અને પ્રાંતિજ તાલુકાની એક એમ મળી નવ ગ્રામ પંચાયતોના સરપંચની ચૂંટણી તાજેતરમાં યોજાઈ હતી જેની મતગણતરી બુધવારે જે તે તાલુકા મથકે હાથ ધરાઈ હતી. જેમાં ઈવીએમથી મતગણતરી હાથ ધરાયા બાદ અડધા કલાકમાં પરિણામ જાહેર થઈ ગયા હતા. ત્યારબાદ વિજેતા ઉમેદવાર તથા તેમના ટેકેદારોએ વિજયોત્સવ મનાવ્યો હતો.

દરમિયાન તલોદ તાલુકાના બોરીયા-જગાપુર ગ્રામ પંચાયતમાં સરપંચની ચૂંટણી લડતા ધર્મેન્દ્રસિંહ ભરતસિંહ ઝાલા (૩૫૩) અને કાળુસિંહ બાલુસિંહ ઝાલાને (૩૫૩) મત મળ્યા હતા જેથી ચૂંટણી અધિકારીએ ટાઈ પાડી હતી અને બંને ઉમેદવારોની સહમતી લઈને ચિઠ્ઠી ઉછાડવાનો નિર્ણય લેવાયો હતો જેમાં કાળુસિંહ ઝાલાને સરપંચ તરીકે વિજેતા જાહેર કરાયા હતા.

### કયા - કોણ સરપંચ પદે ચૂંટાયા

| | |
|---|---|
| વાવડી | મધુબા હરીસિંહ સોલંકી |
| બોરીયા-જગાપુર | કાળુસિંહ બાલુસિંહ ઝાલા |
| ગુંદીયા | વિક્રમસિંહ હિંમતસિંહ પરમાર |
| નવા | સવિતાબેન શિવાભાઈ પટેલ |
| ઘાઘવાસણા | વિનુબા નારસિંહ ઝાલા |

# હિંમતનગરમાં મહિલાના ગળામાંથી સોનાનો દોરો લૂંટાયો

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ એક સ્કૂલ નજીકથી પસાર થઈ રહેલ મહિલાના ગળામાંથી મંગળવારે બાઈક પર આવેલ અજાણ્યા શખ્સો રૂ. ૩૦ હજારની કિંમતના દોઢ તોલા સોનાના દોરાની લૂંટ કરી ભાગી ગયાની ફરીયાદ એડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે મહાવીરનગર વિસ્તારમાં આવેલ સૂર્યોદય બંગ્લોઝમાં રહેતા નીરૂબેન વસંતભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેણી મંગળવારે સાંજના સુમારે ગ્રીન એપ્પલ સ્કૂલ વાળા રોડ પર થઈને જઈ રહ્યા હતા ત્યારે બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો પૈકી એક જણાએ નીરૂબેનના ગળામાં હાથ નાખી રૂ.૩૦ હજારની કિંમતના દોઢ તોલા સોનાના દોરાની લૂંટ કરી ભાગી ગયા હતા. ત્યારબાદ નીરૂબેને આ અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# ભિલોડા તાલુકામાં ૬ ગ્રામ પંચાયતોની મતગણતરી યોજાઈ

## ઉમેદવાર, સરપંચો, વોર્ડના સભ્યો, ટેકેદારો સહિત પ્રજાજનોના ટોળેટોળા ઉમટ્યા કહી ખુશી કહી ગમના દ્રશ્યો સર્જાયા

ભિલોડા,તા.૨૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં ૬ ગ્રામ પંચાયતોની ભારે રસાકસીભરી ચુંટણી યોજાઈ હતી. શાંતિપુર્ણ માાહોલમાં મતદાન યોજાયું હતું. ભિલોડા મામલતદાર કચેરીમાં મતગણતરી વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા હાથ ધરાઈ હતી. ગ્રામ પંચાયતની ચુંટણીમાં યોજાયેલ મતદાનનું પરીણામ જાણવા વહેલી સવારથી જ ઉમેદવારો, સરપંચો, વોર્ડના સભ્યો, ટેકેદારો, ગ્રામજનોના ટોળે-ટોળા ઉમટ્યા હતા. મતગણતરી શરૂ થઈ અને જેમ-જેમ પરીણામ આવતા રહ્યા તેમ-તેમ સરપંચોના ટેકેદારો, વોર્ડના સભ્યો ટ્રેક્ટરો, ટેમ્પાઓમાં બેસી ફુલહાર, અબીલ ગુલાલની છોળો ઉડાળતા-ઉડાળતા જીત ગયા... ભાઈ જીત ગયા... હમારા ઉમેદવાર જીત ગયાના... ગગનભેદી નારાઓથી વાતાવરણમાં જીતનો માહોલ જોવા મળ્યો હતો. વિજેતા સરપંચોના સમર્થકોએ ફટાકડાની આતશબાજી કરી હતી ત્યારે દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. ગ્રામ પંચાયતોના પરીણામો જાહેર થયા બાદ કહી ખુશી કહી ગમના દ્રશ્યો જોવા મળતા હતા.

લોકસભા, વિધાનસભાની ચુંટણી કરતા પણ ગ્રામ્યવિસ્તારોમાં સરપંચ પદનું વિશેષ મહત્વ હોવાથી લોકોમાં ભારે આનંદ, ઉત્સાહ શાનદારપણે જોવા મળ્યો હતો. મતગણરી વહીવટી તંત્ર ધ્વારા હાથ ધરાઈ હતી. ભિલોડા ઈન્ચાર્જ મામલતદાર જયમીનભાઈ પટેલ, નાયબ મામલતદાર નરેન્દ્રભાઈ ચૌધરી, અનિલભાઈ પટેલ, વહીવટી તંત્રના અધિકારીઓના જણાવ્યા મુજબ પરીણામ જાહેર કરાયું હતું.

ગ્રામ પંચાયતોની ચુંટણી સંદર્ભે મત ગણતરી દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મતગણતરી કેન્દ્ર ઉપર ભિલોડા પી. એસ. આઈ. એમ. આર. સંગાડા ધ્વારા પોલીસ બદોબસ્ત ગોઠવાયો હતો. સરપંચ પદના દાવેદારોનો આજે ફેંસલો આવતા કહી ખુશી કહી ગમના દ્રશ્યો ઠેર-ઠેર સર્જાયા હતા.

# પ્રાંતિજ બાઈના મુવાડામાં યોજાયેલ સરપંચની ચૂંટણી પરિણામ જાહેર

## રતુભા ભુપતસિંહ ઝાલાનો ૧૬ મતોથી વિજય : સમર્થકો તથા ગ્રામજનો દ્વારા ફુલહાર પહેરાવી ડીજે સાથે વરઘોડો કાઢ્યો

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બાઈના મુવાડા ખાતે સરપંચ માટેની યોજાયેલી ચૂંટણી બાદ આજે પરિણામ જાહેર થતાં રતુભા ભુપતસિંહ ઝાલાનો ૧૬ મતે વિજય થયો હતો.

પ્રાંતિજ તાલુકાના બાઈના મુવાડા ખાતે આવેલ ગ્રામપંચાયતની ચૂંટણી તા.૨૨-૧૦-૨૦૧૮ના રોજ યોજાઈ હતી. જેમાં ૭૧૭ મતદારોમાંથી ૬૫૩ મતદારોએ મતદાન કર્યું હતું. જેમાં આજરોજ તા.૨૪-૧૦-૨૦૧૮ને બુધવારના રોજ પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે મતગણતરી યોજાઈ હતી. જેમાં રતુભા ભુપતસિંહ ઝાલાને ૩૩૨ મતો તથા પિન્ટુસિંહ ભુપતસિંહ ઝાલાને ૩૧૬ મતો મળ્યા હતા. રતુભા ભુપતસિંહ ઝાલાને ૧૬ મત વધારે મળતાં ચૂંટણી અધિકારી દ્વારા રતુભા ભુપતસિંહને વિજય જાહેર કર્યાં હતાં તો તેમના સમર્થકો તથા ગ્રામજનો દ્વારા ફુલહાર પહેરાવી ડીજે સાથે વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું.

## કડી, જોટાણા, બેચરાજી અને મહેસાણા તાલુકાના પૂર્વ સૈનિકો માટે સૈનિક સંમેલન

મહેસાણા, તા. ૨૪

મહેસાણા જિલ્લાના કડી, જોટાણા, બેચરાજી અને મહેસાણા તાલુકાઓમાં પૂર્વ સૈનિકો તેમજ દિવગંત સૈનિકોના ધર્મપત્નીઓનું સંમેલન ૧૮ નવેમ્બર રવિવારના રોજ સવારે ૮-૦૦ કલાકે શ્રી ઉમિયા માતાજી પથિકાશ્રમ શંખલપુર નાગરિક બેન્ક પાસે યોજાનાર છે. સંમેલનમાં ઓળખપત્ર સાથે ઉપસ્થિત રહેવા જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# મહેસાણા જિલ્લામાં યોજાઈ રહેલ એકતા યાત્રાને સાર્વત્રિક આવકાર

મહેસાણા, તા. ૨૪

દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી ગુજરાતના પનોતા પુત્ર અને મહાન રાષ્ટ્રસપુત સરદાર વલ્લભભાઈ પટેલના એકતા સંદેશને જનજનમાં ફેલાવવા રાજયભરમાં યોજાઈ રહેલ એકતા યાત્રાને મહેસાણા જિલ્લામાં સાર્વત્રિક આવકાર મળી રહ્યો છે. જિલ્લાના વિવિધ ગામનો અને શહેરોમાં નાગરીકો દ્વારા એકતાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવી રહ્યું છે. એકતા યાત્રા ગામ શહેરમાં પ્રવેશ કરતાં નાગરિકો મોટી સંખ્યામાં સરદાર સાહેબની પ્રતિમાને ભાવપૂર્વક તિલક અને ફુલહાર કરી આરતી ઉતારી અંજલિ પાઠવી રહ્યા છે.

સરદાર સાહેબની ૧૮૨ મીટર ઉંચાઈ ધરાવતી વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાના નિર્માણ માટે લોકો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરાહના કરી આનંદ અને ગૌરવ અનુભવે છે. એકતા યાત્રાથી લોકોમાં રાષ્ટ્રપ્રેમના ગુણો સારી રીતે કેળવાય છે. મહેસાણા પ્રથમ તબક્કામાં તા.૨૦ થી ૨૯ ઓકટોબર દરમિયાન એકતા રથયાત્રા યોજાઈ રહી છે.

મહેસાણા જિલ્લાના તમામ ગામોમાં એકતા રથયાત્રાને વ્યાપક આવકાર મળી રહ્યો છે. ગ્રામજનોએ એકતા રથમાં સરદાર સાહેબની પ્રતિમાને તિલક અને પુષ્પાંજલિ કરી અંજલિ પાઠવી હતી. અગ્રણીઓ અને શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સરદાર સાહેબના જીવનચરિત્રમાંથી પ્રેરણા લેવા સમજ આપી સંકલ્પ લેવડાવ્યા હતા.